# ઇસ્લામી ઇન્કેલાબ

: લેખક :

મૌલાના સૈયદ

મોહમ્મદ સરદારઅલી

# : લેખક :

# ઈબ્રાહીમ બી. પટેલ,

# ભરુચ


## : પ્રકાશક :

## અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

## એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

## ભરૂચ-૩૯૨૦૦૧.

## મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| ક્રમ | વિગત | પેજનં. |
| --- | --- | --- |
| ૧ | ઇરાનનો ઇસ્લામી ઇન્કિલાબ વિશ્વના મુસલમાનો માટે એક આદર્શ એક નમૂનો એક બોધપાઠ | ૭ |
| ૨ | નબવી યુગ જેવી કુરબાનીઓ | ૨૧ |
| ૩ | પરિવર્તન પછીની શરારતો | ૨૩ |
| ૪ | ઇસ્લામી ઇરાન વિશ્વના મુસલમાનો માટે એક આદર્શ | ૨૬ |
| ૫ | વિશ્વ ઇતિહાસનો ઉચ્ચોચ્ચ આવકાર | ૩૫ |
| ૬ | પહેલી ફેબ્રુઆરી | ૩૭ |
| ૭ | બે, ત્રણ અને ચાર ફેબ્રુઆરી | ૪૦ |
| ૮ | પાંચમી ફેબ્રુઆરી | ૪૫ |
| ૯ | છઠ્ઠી, સાતમી ફેબ્રુઆરી | ૪૭ |

| | | |
|---|---|---|
| ૧૦ | આઠમી ફેબ્રુઆરી | ૫૦ |
| ૧૧ | નવમી ફેબ્રુઆરી | ૫૧ |
| ૧૨ | દસમી ફેબ્રુઆરી | ૫૩ |
| ૧૩ | આઝાદીની સવાર અગીયારમી ફેબ્રુઆરી | ૫૭ |

# (૧) ઈરાનનો ઈસ્લામી ઈન્કિલાબ વિશ્વના મુસલમાનો માટે એક આદર્શ એક નમૂનો એક બોધપાઠ

(૧) ઈન્કિલાબ શું છે ?

(૨) તેની સામાજિક, ભૌતિક અને આધ્યાત્મિક (રૂહાની) અસરો ઈન્કિલાબના ૨૯ વર્ષ બાદ આજના ભૌતિકવાદી વિશ્વ ઉપર પથ્થરની લકીરની જેમ કોતરાઈ ચૂકી છે.

(૩) ઈસ્લામી ઈન્કિલાબે ઝાલીમ મહાસત્તાઓને જમીન ઉપર નાક રગડતી કરી દીધી છે.

(૪) ઈમામ ખોમેની વિશ્વના એક એવા ઉચ્ચોચ્ચ રૂહાની નેતા હતા જેમણે સમગ્ર વિશ્વને ઈસ્લામથી પરિચિત કરી દીધા છે. સદીઓ પછી આવા રૂહાની નેતાઓ જન્મ લે છે.

(૫) મુસલમાનોએ શું કરવું જોઈએ

(૬) વિશ્વના તમામ મુસલમાનોને તથા ખાસ વિશેષ રીતે ઈરાનની બહાદુર પ્રજાને ઈરાનના ઈસ્લામી ઈન્કિલાબની ૨૯મી સાલગિરહ મુબારક થાઓ.

(૭) ઈરાનનો ઈસ્લામી ઈન્કિલાબ તમામ મુસ્લિમ દેશો માટે એક અમલી નમૂનો

**બિસ્મીલ્લા હિર્રેહમા નિર્રેહીમ**

"૨૨ બહમન (૧૧ ફેબ્રુઆરી ૧૯૭૯) એ જાલિમો અને લુંટારાઓ પર ઈરાનની મિલ્લતની જીતનો દિવસ છે. માણસો પર માત્ર અલ્લાહની હકુમતનો દિવસ છે. ઈસ્લામી ઈન્સાફનો પરચમ ફેલાવવાનો અને કચડી રાખવામાં આવેલા લોકોની જાગૃતિનો દિવસ છે. આજના આ દિવસે હું મહાન ઈરાની પ્રજાને, દુનિયાભરના મુસ્લિમોને અને વિશ્વભરના પીડાતા વંચિત માનવીઓને મુબારકબાદી સંભળાવું છું.

- રૂહુલ્લાહ અલમુસવી અલખુમૈની

તા. ૧૧-૦૨-૧૯૭૯

ઈસ્લામી ઈન્કિલાબ એ “જેની લાઠી તેની ભેંસ” “સત્તા સામે શાણપણ ના ચાલે” જેવી પ્રચલિત કહેવતોને ખોટી ઠરાવનાર, કમજોર આસ્થાને કારણે અને અલ્લાહની કુદરતને સાચા મનથી નહીં માનવા સબબે તેમજ ભૌતિક સંપત્તિથી અંજાઈ જવા અને મૌતથી ડરી જવાને પરિણામે જનસાધારણ પર ચઢી બેઠેલ શેતાની, ઘમંડી, ફિરઓન સિફત કહેવાતા સુપર પાવર્સને ધૂળ ચાટતા કરી દેનારા ઈરાની મુસલમાનોના અમલી (નહીં કે માત્ર મૌખિક અને લેખિત) આંદોલનની - જગતભરની આંખોને આંજી નાખનાર સફળતા છે, જે દરેક ઈન્સાનના સ્વમાનનું રક્ષક છે. ઈસ્લામી ઈન્કિલાબ ઝિંદાબાદ.

ઈરાનનું ઈસ્લામી પરિવર્તન માણસ પરથી માણસની ખોટી શિરજોરીને ખતમ કરે છે. તન પર મનને સરસાઈ આપીને એટલે કે દૈહિક લાલસાઓની હદબંદી કરીને આત્માની આઝાદી ઉપર ભાર મૂકે છે. એકમાત્ર સર્વશક્તિમાન અલ્લાહથી જ ડરીને, આબરૂભેર જીવનની ગેરંટી આપે છે કે જેના હાથમાં મૌત અને હયાત છે તે અલ્લાહની તાકાતની સામે કોઈ ટકી શકતું નથી. ઈસ્લામી ઈરાની ઈન્કિલાબનો સૌથી મોટો નારો હતો. “અલ્લાહુ અકબર” એટલે એક માત્ર અલ્લાહ સિવાય બીજા કોઈથી ડરવું કાયરતા છે, પછી ભલે સામે પૂર્વની શક્તિઓ હોય કે પશ્ચિમના પાવર્સ. અમેરિકા હોય કે રશિયા હોય.

**“લા શરકિયા - લા ગરબિયા જમ્હૂરિયા ઈસ્લામિયહ”**

દારૂલ-ઉલૂમોથી કે જાત અભ્યાસથી આલિમ બની જવું - કિતાબી ઈલ્મ હાસિલ કરી લેવું અલગ વાત છે અને સાચું નિડર, મોહંમદી (નહીં કે માત્ર મુરશદી) ઈમાન જુદી ચીજ છે. મેં આલિમોને મુખેથી સાંભળ્યું છે કે “અમેરિકા અને રશિયા બંને સાથે એકી વખતે ટક્કર ના લઈ શકાય.” પરંતુ ઈમામ ખોમૈની (રહ.)ના ઈમાને અલ્લામહ ઈકબાલ (રહ.)ની વાત સાચી ઠેરવી દેખાડી કે :

**“મુલ્લાંકી અઝાં ઔર હે, મુજાહિદકી અઝાં ઔર.”**

**“અલ્લાહુ અકબર - ખોમૈની રહબર.”**

સાચી વાત એ છે કે ઈરાનના ઈસ્લામી ઈન્કિલાબે વિશ્વભરમાં સામ્રાજ્યવાદીઓને થથરાવી દીધા છે કેમકે આ ઈન્કિલાબ રૂહને અમર માનનારા મુજાહિદો ઉત્પન્ન કરે છે. મૌતથી નહીં ડરનારા, બલ્કે

મોતને ખુશીથી ભેટી પડનારાઓને કોણ હરાવી શકે?!

યુદ્ધ ચાલુ હોવાની પરિસ્થિતિમાં અનેક બુદ્ધિશાળી લોકોએ ઈસ્લામી ઈરાનની મુલાકાત લીધી છે. અમેરિકાની મદદથી ઈરાન પર કરાવાયેલ ઈરાકી આક્રમણ દરમ્યાન એવાં અનેક કુટુંબો (ઈરાની મોમિનો) સાથે થઈ છે જેમના બે બે યુવાન દીકરાઓ શહીદ થઈ ચુક્યા હતા અને ત્રીજો કોલેજ છોડીને યુદ્ધ મોરચે જવા તરવરી રહ્યો હતો. તે મોમીન માતાઓને સલામ, જેઓ પોતાના જુવાન દીકરાઓના માથા પર કુઆર્ન મુકીને લડાઈમાં રવાના કરતી હતી. શેતાન અમેરિકા જો ફરી જોવા ચાહતું હોય તો બીજી વખત પણ પર્દેદાર બાનુઓની જિગરદારી ચકાસી શકે છે, જે મહિલાઓની ઈમામ ખોમૈની બેહદ કદર કરે છે.

વળી ઈમામે તો એક તેર વરસના મુહંમદ હુસૈન ફહમીદાને પણ પોતાનો નેતા કહેલ છે જેણે પોતાના પેટ પર બોંબ બાંધીને આક્રમણ કરતી અમેરિકાપ્રેરિત ઈરાકી ટેન્કોની એક હારમાળાને થંભાવી દીધી હતી. આવાં બાળકો છે ઈસ્લામી ઈરાનમાં.

**“હૈ કભી જાં, ઔર કભી તસ્લીમે જાં હૈ ઝિન્દગી”**

**(ઈકબાલ)**

અમેરિકા ઐયાશ શાહ પહેલવીને ગુલામ બનાવીને ઈરાનનું પેટ્રોલ લુંટતું હતું અને આજે પણ મધ્યપૂર્વના ઐયાશ - જુગારી - શરાબી શાહો, શેખો અને સુલતાનોને ઉલ્લુ બનાવી રહેલ છે. અરબ દેશોની વચ્ચે યુદ્ધ જહાજો સહિત ધામો નાખીને બેઠું છે અને આસપાસના અરબ હાકેમોને કંપાવી રહ્યું છે જેઓ નામ તો અલ્લાહ-રસૂલનું લે છે પરંતુ દોસ્તી

અને વફાદારી અલ્લાહ અને રસૂલના તે દુશ્મનો સાથે કરે છે જેઓએ એમની જ જમીન પરથી એમને તગેડી મુકીને લાખો ફલસ્તીનીઓને મારી નાખીને ઈસરાઈલ નામનું નાસૂર ઠોકી બેસાડ્યું છે. કેમ કે બેગૈરત દુન્યાપરસ્ત હાકેમોનું ઈમાન હલકથી નીચે ઉતરીને દિલનાં ઉંડાણોમાં નથી ઉતર્યું. જ્યારે કે મરહૂમ ખુમૈની ઈસ્લામી એક્તાનાં આવાહન કરતા જ રહ્યા કે ઈસરાઈલની ચોતરફના મુસલમાનો એક એક ડોલ પાણી ભેગા મળીને ફેંકે તો ઈસરાઈલ નાબૂદ થઈ જાય.

૧૯૭૯ની ઐતિહાસિક જ દરમ્યાન એટલે કે ઈરાનના ઈસ્લામી ઈન્કિલાબના થોડાક જ મહીનાઓ બાદ દુનિયાભરના વિવિધ રંગી અને વિવિધ ભાષી હાજીઓથી ભરપૂર મક્કા - મદીના - જિદ્દહ વચ્ચે દોડતી બસોનાં છાપરાંઓ પરથી

પોકારાતા “યા રબ્બલ અલમીન - દમ્મર દમ્મર ઇસરાઈલ” અને “અલ્લાહુ વાહિદ - ખોમૈની કાઈદ” જેવા ગગનભેદી આંતરરાષ્ટ્રીય ઈસ્લામી પોકારો અનેક લોકોએ સાંભળ્યા અને ઉચ્ચાર્યા છે.

**‘એક હોં મુસ્લિમ હરમકી પાસબાની કે લિયે**
**નીલકે સાહિલસે લેકર તા બખાકે – કાશગર’**

(ઈકબાલ)

પરંતુ બુરું થાય ધનપ્રેમી, મતલબ-પરસ્તીઓ, શેતાનના એજન્ટો, સામ્રાજ્યવાદીઓએ ઈસ્લામી એક્તામાં ભંગાણ પાડવા માટે શીઆ-સુન્નીનું ભૂત ઉભું કર્યું અને અમેરિકાથી દબાએલા હાકિમોના પગારદાર આલિમોના મોઢેથી અને કલમોથી આ ઈસ્લામી વહદતને તોડવા કાજે કરોડો ડોલર ખર્ચી નાખ્યા અને એ શરારત હજી જારી જ છે.

ઈન્ના લિલ્લાહ...

કાફિરો ઈસ્લામી ઈત્તેહાદની તાકાતથી વાકિફ હોઈ એને મસલકી વિખવાદો વડે ડાઈનેમાઈટ કરવા અવિરત કામ કરી રહેલ છે અને કમજોર ઈમાનવાળા, દુન્યાપરસ્ત આલિમો એકબીજા પર કુફ્રના ફત્વાઓનો તોપમારો ચલાવી રહ્યા છે !

**મનફઅત એક હૈ ઈસ કૌમ કી**

**નુકસાન ભી એક**

**એક હી સબકા નબી**

**દીન ભી ઈમાન ભી એક**

**હરમે પાક ભી, અલ્લાહ ભી**

**કુઆર્ન ભી એક**

**કુછ બડી બાત થી ?**

**હોતે જો મુસલમાન ભી એક !**

**ફિરકાબંદી હૈ કહીં ઔર કહીં ઝાતે હૈં**

**ક્યા ઝમાનોમેં પનપનેકી યહી બાતે હૈં ?! (ઈકબાલ)**

ખિલાફતના અંત પછીના દૌરમાં કુઆર્નથી ટકરાતી હદીસો શાહી ખજાનાઓની તાકાતથી ઘડવામાં આવી જેથી મુલૂકિયત કાયમ રહે. પરંતુ કુઆર્નના અક્ષરે અક્ષરની હિફાઝત અલ્લાહ પાકે પોતે ફરમાવી છે તેથી અને ઈસ્લામ માનવ સ્વભાવથી તથા ઈન્સાની પ્રકૃતિથી સુસંગત મઝહબ હોવાને લીધે જગતમાં જલ્દી જ છવાઈ જશે, અમેરિકન ઈસ્લામથી અંજાઈ ગયેલા પરંતુ મુહંમદી ઈસ્લામથી નવાકેફ લોકોને જાગૃત કરવામાં ઈરાનનો ઈસ્લામી ઈન્કિલાબ ભરપૂર ભાગ ભજવી રહેલ છે - માત્ર મુસ્લિમ દુન્યામાં જ નહીં બલ્કે બિનમુસ્લિમ જગતમાં પણ - અમેરિકા તથા યુરોપ સહિત બધે કુઆર્નના અભ્યાસમાં અસાધારણ વધારો થયો છે. ડૉ. ઈકબાલના શબ્દોમાં "સનમખાનાંઓમાંથી હરમના "પાસબાનો" વધુ

સંખ્યામાં મળવા લાગ્યા છે - નવી સવાર નજીક જ છે. ઈન્શાઅલ્લાહ.

જગત જોઈ ચુક્યું છે કે દુન્યાપરસ્ત પ્રાઈમ મિનિસ્ટરો અને પ્રમુખોના ભપકા અને અનૈતિક્તામાં અને ઈમામ ખુમૈનીની પ્રામાણિક્તા તથા સાદાઈ - સચ્ચાઈમાં કેવો જમીન આસમાનનો તફાવત છે ? લોકોના માથા પર કોણ સવાર છે અને દિલોમાં બિરાજમાન કોણ ?

શૈતાની શાસકો ક્યાં છે અને ખલ્કે-ખુદાના ખાદિમો ક્યાં ? બુલેટપ્રૂફ ગાડીઓની જરૂર કોને પડે છે ?

“હિઝબ ફક્ત હિઝબુલ્લાહ રહબર ફક્ત રૂહુલ્લાહ” કુઆર્ને-પાકનું ફરમાન છે કે ગાલિબ (વિજયી) તો એક માત્ર અલ્લાહનું સૈન્ય જ થશે (અલા ઈન્ન હિઝબલ્લાહે - હોમુલ ગાલિબૂન).

ઈરાનના ઈસ્લામી પરિવર્તને જુવાનોને લફંગાઓમાંથી નીતિવાન અને મહિલાઓને મારકેટની ઢીંગલીઓમાંથી સ્વમાની બાનુઓ અને ભાવિ પેઢીની રખેવાળ ખાતુનો બનાવી દીધી છે. હોટલોને ઈબાદતગાહોમાં અને જેલોને ટ્રેઈનિંગ સેન્ટરોમાં ફેરવી નાખ્યાં છે.

તેહરાનની પહેલવી યુગની વૈભવી હોટેલ ‘રોયલ તેહરાન હિલ્ટન” જે અમેરિકાની ગુલામીના ઝમાનામાં “નાગાઈની સંસ્કૃતિ” કે “સંસ્કૃતિની નાગાઈ”નો નમુનો હતી તેમાં દરેક હોલમાં કિબ્લા-દર્શક ચિહ્નો મુકાયાં છે જેથી ધ્યાન ખુદા તરફથી હટવા ના પામે. જમવાના દરેક ટેબલ પર હિદાયત અંકિત છે કે સખત ભુખ લાગતાં સુધી જમણમાં હાથ ના નાખો અને હજી થોડી ભૂખ બાકી હોય ત્યારે હાથ રોકી લો જેથી જિસ્મ નિરોગી રહે. મેઈન ગેટ

પર મોટા અક્ષરે સૂચન છે કે સૌથી મોટો ગુનો અલ્લાહના સિવાય બીજા કોઈનાથી ડરવું છે.

ઉપયોગી માહિતી આપતા ઈરાનના (એક માત્ર) ટી. વી. પર બેહિજાબી કે નિર્લજ્જતાનું નામ નિશાન નથી. ઈસ્લામ ઝિંદાબાદ.

## (૨) નબવી યુગ જેવી કુર્બાનીઓ

આ ઈસ્લામી પરિવર્તન કાજે શહાદતપ્રેમી મોમીનોએ પોતાનું લોહી તો પાણીની જેમ રેલાવ્યું જ હતું, અમેરિકા અને ઈઝરાઈલમાં ટોર્ચર માટે ટ્રેઈન્ડ થયેલા સાવાક તથા મોસાદ જેવા જલ્લાદોનો આતંક પણ સહાબાએ કિરામની સતામણીની યાદને તાજી કરે છે.

ઈસ્લામી ચિંતનની દીવાદાંડી સમા પ્રખર આલિમે - બાઅમલ શહીદ મુતહ્હરીની પીઠ પર હેવાની સી.આઈ.ડી.એ બળતા કોલસા વડે "શાહ ઝિન્દાબાદ" લખ્યું હતું કેમકે એ પોતાના મોઢેથી "અલ્લાહો અકબર" ની જ રટ લગાવતા રહ્યા હતા. આવા અમલી માર્ગદર્શને ઈરાનના આખા સમાજની કાયા પલટી નાખી. ઈમામ ખોમૈની ફરમાવતા હતા

કે જે મોહલ્લામાં બાઅમલ આલિમ રહે છે ત્યાંનું વાતાવરણ ખામોશીથી સુધરે છે.

ઈરાનના ઈસ્લામી ઈન્કિલાબે લોકોને કેટલા મહેનતુ, બુદ્ધિમાન અને ખંતીલા બનાવ્યા છે તેનો અંદાજો એ પરથી પણ થઈ શકે છે કે તેહરાનનું અમેરિકન એલચી ખાતું જે જનઆંદોલનની જાસુસી કરતું હતું તેના, મશીનો વડે કાતરી કાઢેલા છુપા દસ્તાવેજો અને ફાઈલોની દિનરાત મહેનત કરીને મુસ્લિમ વિદ્યાર્થીઓએ પોલ ખોલી નાખી હતી.

## (3) પરિવર્તન પછીની શરારતો

શેતાન, માનવ પ્રત્યેની દુશમનીથી ક્યાં અટકે છે ? ગદ્દાર મુનાફિકોની મદદથી લાગલગાટ બોમ્બવિસ્ફોટ કરાવાયા. ઈસ્લામિક જમ્હુરી પાર્ટીની ઓફિસને ઉડાવી દેવાતાં ચીફ જસ્ટિસ આયતુલ્લાહ બેહિશતી સહિત બોત્તેર સજ્જન લીડરો એક જ બેઠકમાં એક સાથે શહીદ થયા. પ્રમુખ અને પ્રીમિયર રજાઈ અને બાહુનર બંને જે દિવસે એકી સાથે જન્નત નશીન થયા હતા તે દિવસ ભૂલી શકાતો જ નથી અને ત્યાં જ હજારો શહીદોની અંતિમ આરામગાહ બેહિશ્તે ઝેહરામાં લાલ પાણી ઉછાળતો તે કુવ્વારો જે કુર્બાનીઓની અમરતા દાખવે અને ઈમામ મહેદીના સિપાહીઓ તૈયાર કરે છે. આવી શહાદતોને વિસારી દેવું આપઘાત છે.

છાની કારસ્તાનીઓ ઉપરાંત અમેરિકાએ હવાઈ હુમલો પણ કર્યા હતો. પરંતુ ત્રણે શેતાની અમેરિકન હેલીકોપ્ટરો રેતીના કુદરતી તોફાનમાં એકમેકથી અથડાઈને તબાહ થઈ ગયાં અને ઈમામે પુરી કૃતજ્ઞતા સહિત ફરમાવ્યું કે “અમે તો ઉંઘતા હતા પરંતુ અમારો ખુદા જાગતો હતો” – અલ્લાહો અકબર

“લાતઅખોઝુહો સિનતંવ વલા નૌમ.” (આયતુલ કુર્સી - અલ-કુઆર્ન) તો આ છે અલ્લાહની સર્વાપરી તાકાત પર સાચા ઈમાન અને અમલી ઈસ્લામની કામ્યાબીની કથા. એને જાણી લીધા પછી વિશ્વભરના બિરાદરાને ઈસ્લામે વધુ ભાર દીની ઈમારતોના બાહ્ય રૂપરંગ અને બુલંદ બાંગ મીનારાઓ કરતાં મિલ્લતના મોરચા સમી મસ્જીદો અને દીની દર્સગાહોની રૂહાની હાલત ઉપર

મૂકવો જોઈએ. અમલી ઈસ્લાહ પર મુકવો જોઈએ જેથી હકીમુલ-ઉમ્મત-અલ્લામહ ઈકબાલની એ ખલિશ દૂર થઈ જાય કે “રહ ગઈ રસ્મે અઝાં રૂહે - બિલાલી ન રહી” અને આખી દુન્યામાં અલ્લાહનો કલેમો વહેલામાં વહેલો બુલંદ થાય અને માનવજાતને સાચી કાયમી શાંતિ નસીબ થાય.

“કાલિમતુલ્લાહ હુવલ ઉલિયહ.” વ બિલ્લાહિત તવફીક - વસ્સલામ.

ઈરાની ઈન્કિલાબ કરબલાની જેમ તલવાર પર લોહીની જીત છે.

## (૪) ઈસ્લામી ઈરાન વિશ્વના મુસલમાનો માટે એક આદર્શ

ઈન્કિલાબે ઈરાનની ૨૯મી સાલગિરહ - આગેકૂચ ૧૧ ફેબ્રુઆરી - ૨૯મું વર્ષ. દાક્તર હ્યુગોએ કહ્યું હતું કે "જ્યારે ગરીબ લોકો સરદાર બની જાય છે, વૃક્ષોની લાકડીઓ બંદૂકો બની જાય છે અને જંગલ, રેગીસ્તાનોના કાંકરા અને પથ્થરો પણ ગોળીઓ બની જાય છે."

આજથી બરાબર ઓગણત્રીસ વર્ષ અગાઉ ૧૧ ફેબ્રુઆરી, ૧૯૭૯ના દિવસે ઈરાનની સ્વાભિમાની, હથિયાર વગરની, ગરીબ અને મઝલૂમ કચડાયેલી પ્રજાએ આ જ દૃશ્ય આપણી સમક્ષ રજૂ કર્યું હતું. આમ બનશે એવી કોઈને ઉમ્મીદ ન હતી, ન તો કોઈ આવી બાબતનું યકીન કરી શકતો હતો. પરંતુ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે

ઈમાનના જોશની સાથે આ બધુ જ એકદમ તેજ ગતિએ કરી બતાવ્યું કે દુશ્મનોની આંખોનું નૂર ચાલ્યું ગયું. દુશ્મનો અવાચક થઈ ગયા. તેમના પગ નીચેની જમીન સરકી પડી. આ દુશ્મનો આજે પણ પોતાના હાથો વડે પોતાના માથાના વાળ ખેંચી રહ્યા છે. બસ અંધારામાં અટવાઈ રહ્યા છે. શું કરવું ? સમજાતું નથી. ખોમેની તોફાનના આસામાનથી વાતો કરતાં ઈસ્લામી મોજાં દરરોજ ઈન્કિલાબના દુશ્મનોના હાથપગમાં લકવો પેદા કરી રહ્યાં છે.

જાન્યુઆરી ૧૯૭૯ થી સમગ્ર વિશ્વની દૃષ્ટિ ફક્ત એક જ તરફ મંડાયેલી છે. કાન અને આંખો રેડિયો, ટેલિવિઝન ઉપર લાગેલાં હતાં. હ્દયની ધડકનો વધી જતી હતી. પરંતુ જોશ પણ હતો.

હિંમત પણ હતી. ઈમાની તાકાત પણ હતી. અલ્લાહ ઉપર ભરોસો પણ હતો.

આ તરફ ઈરાનના ખૂણેખૂણે-ગલીકુંચીઓમાંથી શહીદોના ખૂનની સુગંધ આવી રહી છે. એક વર્ષથી ઈન્કિલાબીઓ આગ અને લોહી સાથે ખેલી રહ્યા છે. હજારો યુવાનો મોતની ચાદર ઓઢી શહાદત પામી ચૂક્યા છે. જમીન, આસમાન અને બધું જ વાતાવરણ ગરમ છે પરંતુ આઝાદી ચાહનારા યુવાનોના દીલોની ગરમી અને જોશ કંઈ ગણું વધારે છે. જે જનરલ અઝહરી જેવા જલ્લાદને પણ ઓગાળી દે છે.

ઈમાને હથિયારોને પરાજિત કરી દીધાં છે. અત્યંત અત્યાચારી પહેલવી શાસકો જનસાધારણનો આક્રોશ જોઈ ભાગી જઈ રહ્યા છે. શાપુર બખ્તીયારના ગળામાં હુકુમતનું ગાળિયું પરોવીને

દેશ છોડી રહ્યો છે. સેંકડો વરસોથી ઈરાનની મઝલૂમ પ્રજાની આંખોમાંથી ટપકતું લોહી ખુશીના આંસુઓમાં ફેરવાઈ જાય છે.

ઈરાનની અંદર અને બહાર - દેશવિદેશમાં બધે જ ઈરાનના શાહના આદમકદના ફોટા, પુતળાં અને બાવલાંઓને જમીનદોઝ કરીને ખુશી મનાવવામાં આવી રહી છે. લોકો ખુશીમાં પાગલ જેવા થઈ રહ્યા છે. થોડીવાર માટે આખું વાતાવરણ ગુલાબી થઈ ગયું છે, પરંતુ ના. સમાચાર આવે છે કે ઈમામ ખોમેની પેરિસથી ઈરાન આવી રહ્યા છે. પછી તો બેચેની અને ગભરાહટનું વાતાવરણ ઊભું થઈ જાય છે. બખ્તીયારના હાથપગ ફૂલી જાય છે. હવાઈ મથકો ઉપર ફોજનો પહેરો મૂકી દેવામાં આવે છે. વિમાની ઉડયનો રોકી લેવામાં આવે છે. ન કોઈ વિમાનને ઊતરવાની ઈજાઝત છે. ન ઉડવાની

ઈજાઝત છે. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ પરંતુ ઈમામનો ઈરાદો અટલ છે. કારણ કે આપ છેલ્લા પંદર વરસ થયા પોતાના વતન વાસીઓને મળવાનો, પોતાના અનુયાયીઓને મળવાનો ઈન્તિઝાર કરી રહ્યા છે.

બીજી બાજુ દેશના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણના ખૂણેખૂણેથી પાણી, બરફ, જંગલો, ઝાડો, પહાડો, રેતી, પથ્થરો વગેરેને પોતાના પગ નીચે કચડતા કચડતા લાખો લોકો પોતાના પ્યારા ઈમામના સ્વાગત માટે તેહરાન પહોંચી રહ્યા છે. તેહરાનની બજારો, ગલીકુંચીઓ, મહોલ્લાઓ માનવમહેરામણથી ભરાઈ જાય છે.

ઈમામ અલ્લાહ વહદહુ લાશરીકલહુ ઉપર ભરોસો કરતાં કહે છે હું ઈરાન જઈશ, ઈન્શાઅલ્લાહ જઈશ. જો મારું મોત મંજૂર હશે તો મારા વહાલા

દેશવાસીઓ, મારા દોસ્તો અને ચાહકોની વચ્ચે જ મરવાનું પસંદ કરીશ. મને કોઈનો ડર કે ખોફ નથી. હું ઈસ્લામ અને ઈરાનની સરબુલંદી ઈચ્છું છું. ઈમામ પોતાના મક્કમ ઈરાદાથી પ્રજાને સંદેશો પાઠવીને વાકેફ કરે છે. ગમે તે ભોગે હું ૨૫ જાન્યુઆરીના (૧૯૭૯) તેહરાનમાં હોઈશ. ઈન્શાઅલ્લાહ એરપોર્ટ પરથી સીધો હું બેહીશ્ત ઝેહરા (આઝાદી માટે લડતાં જેઓ શહીદ થયા છે તેમના દફનની જગ્યા) પર આવીશ.

બખ્તીયારની હુકુમત માટે જ્યારે આપના વિચારો જાણવાની કોશીશ કરવામાં આવી તો આપે ફરમાવ્યું : "કોઈ ગેરકાનૂની હુકુમત સાથે મેં કદી કોઈપણ પ્રકારની વાતચીત કરી છે, ન કરીશ. આ બધા જ વિદેશોના નોકરો છે, દેશના દુશ્મનો છે." ઈમામનો આ પયગામ તેહરાન પહોંચ્યો કે તરત જ

બખ્તીયારે ફ્રાંસની હવાઈ કંપનીને ઈમામને લાવવાની મનાઈ કરી.

બેહિશ્ત ઝેહરામાં લોકોનો માનવ મહેરામણ ઉભરાઈ રહ્યો છે. લોકો પોતાની શહાદત માટેની તમન્ના જાહેર કરતા નારા લગાવી રહ્યા છે. “મર્ગ બર શાહ”, “મર્ગ બર અમેરિકા” “બખ્તીયાર નોકરે બેઈખ્તિયાર” નારાઓથી વાતાવરણ ગુંજી રહ્યું છે. લોકો શાંતિથી ચાલી રહ્યા છે. ફોજ આવે છે, ફાયરીંગ કરે છે, કેટલાય માણસો વીંધાઈ જાય છે. કેટલાય ઝખ્મી થાય છે. આ દરમ્યાન અફવા ફેલાય છે કે ઈમામ તેહરાન નહી પરંતુ હમદાનના હવાઈમથકે ઊતરાણ કરવાના છે. જોતજોતામાં ત્રીસ હજાર મોટરો ઈમામના સ્વાગત માટે હમદાન પહોંચી જાય છે.

હવે તો એક એક દિવસ એક એક વરસ જેવો લાગી રહ્યો છે. ખાવા-પીવા-પાણી વગેરે માટે બધા જ એકબીજાની મદદ કરે છે. દરેક પોતાનું ખાવાનું બીજાને આપવા ઈચ્છે છે. અજીબ પ્રકારની હમદર્દી-લાગણીનો માહોલ છે. મેદાનો, સડકો, મહોલ્લાઓ, ગલીઓ ઉત્સાહિત લોકોથી છલકાઈ રહી છે. લીલા બુરખા પહેરેલી હજારો સ્ત્રીઓની કતારોની કતારો પાછળ છે. આગળ આગળ લાખો યુવાન પુરુષો, બાળકો અને વૃદ્ધો છે. ન કોઈ કોઈને બોલાવે છે, ન રોકી શકે છે.

આજનો નારો તો બસ આ જ છે. "તારી મોત આવે બખ્તીયાર તારી મોત આવે, જો ઈમામ ન આવ્યા તો તારી મોત તો યકીની છે." ફોજની ગાડીઓ ગોળીઓ વરસાવતી આવી રહી છે. લોકો પોતાની જગ્યાએ એક વેંત બરાબર ખસતા નથી.

જ્યાંને ત્યાં ગોળીઓ ખાઈને શહાદત વહોરી લે છે. તેઓને ખભા ઉપર ઉપાડી લેવામાં આવે છે. નારાઓ વધારે બુલંદ થાય છે. ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવે છે.

તેહરાન યુનિવર્સિટીમાં આલિમો ધરણા દઈને એકત્ર થઈ જાય છે. કેટલાક ફોજીઓને ઈન્કિલાબીઓને મદદ કરવા માટે સજા આપવામાં આવે છે.

## (૫) વિશ્વ ઈતિહાસનો ઉચ્ચોચ્ચ આવકાર

અને એક વખત ઈરાનના દરેક શહેર અને ગામમાં આ ખબર ફેલાઈ જાય છે કે ઈમામ પ્રથમ ફેબ્રુઆરીના આવી રહ્યા છે. એક અજોડ સ્વાગત જે કદીપણ વિશ્વ ઈતિહાસે નહીં અનુભવ્યું હોય એવું સ્વાગત કરવા ઈરાની પ્રજાના ટોળેટોળાં ઉમટી પડ્યાં. સમગ્ર તહેરાન ઈન્સાનોથી ભરેલું જંગલ બની જાય છે. કોઈ છ મિલીયન લોકોના હોવાનો અંદાજો લગાવે છે તો કોઈ આઠ મિલીયન. ૬૦ લાખ અથવા ૮૦ લાખ.

અમેરિકાને તેહરાનના બળવાનું યકીન થઈ જાય છે. તે પોતાના હજારો માણસોને ઈરાન છોડી જવાનો આદેશ આપે છે. આયતુલ્લાહ તાલકાની ઈરાની ફોજ સમક્ષ દોસ્તીનો હાથ ફેલાવે છે. જે ફોજ અત્યાર સુધી અમેરિકાને વફાદાર હતી.

આયતુલ્લાહ કહે છે : આવો ભાઈઓ આવો ! અમારી સાથે આપણા દેશવાસીઓમાં સામેલ થઈ જાઓ.

# (૬) પહેલી ફેબ્રુઆરી

"સલ્લે અલા મોહંમદ - રેહબરે માખુશ આમદ"

ઈમામ ઈરાનમાં આવી ગયા. અલીફષાનીના આવા સ્વાગતનું દૃશ્ય આસમાન અને જમીને ક્યારેય જોયું નહીં હોય. ઈન્સાનોનો સમંદર, ફૂલોના હાર, ચારે તરફ ખુશી જ ખુશી. ૩૩ કિલોમીટર સુધી ઈન્સાનોના માથાં જ માથાં દૃષ્ટિમાન થાય છે. જમીન જાણે કે હાલી રહી છે. ઈન્સાનોની ગુંગળામણના કારણે લોકો બેહોશ થઈ રહ્યા છે. અડધા રસ્તામાં ઈમામની મોટરનું એંજિન સળગી જાય છે. ઈમામની મહબ્બતમાં તરબોર પ્રજા પોતાના ઈમામને ફૂલોની જેમ હાથો ઉપર ઉઠાવી લે છે.

બેહીશ્તે ઝેહરામાં આદમી ઉપર આદમી સવાર છે. લોકો કચડાઈ રહ્યા છે. ઈમામ બેહીશ્ત ઝહરામાં પધારે છે. ફાતેહા પઢે છે. આંસુ લુછે છે. પછી અમેરિકાને લલકારે છે :

"હું ઈરાની પ્રજાની મદદથી અલ્લાહ ઉપરના પૂરા વિશ્વાસથી આ હુકુમતને ખતમ કરીશ. મારા હોવા સાથે કોઈ ઈરાનને અમેરિકાનું ગુલામ નહીં બનાવી શકે. હું જાતે જ હુકુમત બનાવીશ."

ઈમામના આ વાક્યો તે જ દિવસે અખબારોમાં છપાઈ જાય છે. "કયહાન" અખબારે તે જ દિવસે ત્રણ એડીશનો પ્રકાશિત કરવી પડે છે. લાખોની સંખ્યામાં આ અખબારની ત્રણ એડીશનો એક જ દિવસમાં વેચાઈ જાય છે.

"શાહ રફત" 'શાહ ગયો, શાહ ગયો' ની આવાજો ગુંજી રહી છે. ઈમામનું ઉદ્બોધન રેડિયો

અને ટેલિવિઝનથી પ્રકાશિત થાય છે. પરંતુ વચ્ચેથી આ પ્રકાશન અટકી જાય છે. પબ્લીકનું લશ્કર બખતિયારના મહેલ સુધી પહોંચી જાય છે. તેણે હાથ જોડીને કસમ ખાઈને કહ્યું કે મેં ટેલિવિઝન અને રેડિયો બ્રોડકાસ્ટીંગને રોક્યું નથી. મારી તેમાં કોઈ દખલગીરી નથી. ફરીથી બ્રોડકાસ્ટીંગ ચાલુ થઈ જાય છે. બખતિયારની જાન બચી જાય છે.

## (૭) બે, ત્રણ અને ચાર ફેબ્રુઆરી

પ્રકાશપૂંજ : ઈમામની આમદથી ઈરાનમાં જાણે અજવાળું થઈ ગયું. અંધકાર અને ઝુલમો સિતમનાં કાળાં વાદળો વિખરાઈ ગયાં. તેહરાનનો હાકેમ રાજીનામુ આપી દે છે. ઈમામ એક હંગામી હુકુમતની સ્થાપનાનું એલાન કરે છે. દબીરસ્તાને અલવીમાં રોકાય છે. આપની ઝિયારત માટે સ્ત્રીઓ અને પુરુષો એકબીજાથી આગળ જવા દિવાનગીની હદ સુધી પહોંચી જાય છે. અખબારોએ તેઓની ગણતરી દરરોજની છ મિલિયન (૬૦ લાખ) બતાવી છે. માર્શલ લૉ ઑફિસર રહીમી ત્રણ દિવસ માટે લોકોને જાહેર પ્રોગ્રામો કરવાની, જુલુસ કાઢવાની અને આઝાદીનો જશન મનાવવાની છૂટ આપી દે છે. એક તરફ આઝાદીની ખુશી અંગેના દેખાવોમાં કંઈ ઘણો વધારો થઈ જાય છે, બીજી

તરફ ઈમામ અખબારી ખબરપત્રીઓને પોતાનો હવે પછીનો પ્રોગ્રામ શું છે, તે અંગે માહિતગાર કરે છે.

બખ્તીયાર ડરનો માર્યા ધ્રુજતાં ધ્રુજતા એલાન કરે છે, એના અમેરિકન આકાઓએ શીખવેલું બોલે છે.

“જે લોકો ગૃહયુદ્ધ (બળવો) કરવા ઈચ્છે છે તેઓ જાણી લે કે તેમને મારી નાખવામાં આવશે. ફક્ત કૂમ શહેર ઈસ્લામી હુકુમતની સ્થાપના માટે આઝાદ છે. અમે તેને બીજા વેટિકન સીટી જેવો દરજ્જો આપવા તૈયાર છીએ. પરંતુ હું સમગ્ર દેશમાં પાયાની હુકુમતથી હટવાનો નથી.” આ રીતે બખ્તીયાર પોતાના અમેરિકા ખુદાની ભાષા બોલે છે. ઈસાઈય્યતમાં વેટિકન સીટીના માલીક તરીકે પોપને સ્વીકારીને વેટિકનને એક અલગ દેશનો દરજ્જો આપી દેવાયો છે. મતલબ વિશાળ ઈસ્લામી

હુકુમતને સમેટીને એક શહેરમાં, જ્યાં ઈમામ રહેતા હોય ત્યાં સ્થાપવાની છૂટ આપી દેવાય છે. અમેરિકા તરફથી આ એક નવો પેંતરો ફેકાયો છે, કે તમને - મૌલાનાઓને કૂમ કાયમ માટે આપી દઈએ. તમે ત્યાં જે કંઈ કરવું હોય તે કર્યા કરો.

ઈમામ બખ્તીયારની વાતની જરાય નોંધ લીધા સિવાય નવી ઈન્કિલાબી હુકુમતના વજીરો નિમવાની ચિંતામાં આગળ વધે છે. આ તરફ ઈરાનના ખૂણેખૂણેથી ઈમામની મુલાકાતે આવનારાઓની ભીડ ચાલુ જ છે. ઈમામ પોતાના બે માળના એક સામાન્ય મકાનની બારીમાંથી થોડા થોડા સમયાંતરે પોતાના ચાહકોની સામે આવી હાથ હલાવી સલામનો જવાબ આપી ઝિયારતથી મુશર્રફ કરે છે. કેટલાક તો આપના હાથ સુધી અતિ

ઉત્સાહમાં પહોંચી જાય છે. કોઈને તો પોતાના દીલોદિમાગના હોશકોશ પણ નથી.

"ખોમેની રહમતે ખુદા બરતુ બાદ, અય બુત શિકન ખોમૈની"

લશ્કરનો જનરલ ફરીદન જાહેરાત કરે છે, આ હંગામો અને બળવાને ડામવાનો એક જ ઉપાય છે. ધર્મ અને ફોજમાં ઐક્ય કાયમ કરવું. અમેરિકન પિઠ્ઠુઓ પ્રજામાં ફાટફૂટ પડાવવા અને તેઓને ગૂમરાહ કરવાના કાર્યમાં લાગેલા છે." વળી આવી ખબરો ફેલાવવામાં આવે છે કે ફોજના કમાન્ડર અને ઈમામની વચ્ચે છૂપી-ગુપ્ત મુલાકાતો યોજાઈ રહી છે. ઈમામ આ બાબતનો સખ્ત ઈન્કાર કરે છે.

આયતુલ્લાહ તાલકાની હુકુમતને તાકીદ કરે છે કે કાયદો અને વ્યવસ્થા ન બગડવા પામે. અફરાતફરી ન ફેલાવા પામે, લૉ એન્ડ ઑર્ડર બાકી

રહે, પબ્લીકની મિલકતનું રક્ષણ કરવામાં આવે. સમગ્ર તેહરાનમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો ઉપર જશન અને જુલુસો ચાલુ છે. પબ્લીકની ખુશીને રોકવું ફોજ માટે પણ મુશ્કેલ છે.

## (૮) પાંચમી ફેબ્રુઆરી - ૧૯૭૯

પાંચમી ફેબ્રુઆરીના રોજ ઈમામ તરફથી મેહદી બાઝરગાનને ઈન્કિલાબી હુકુમતના વજીરે આઝમનો (વડાપ્રધાન) હોદ્દો આપવામાં આવે છે. બખ્તીયાર જાહેરાત કરે છે. "જમહુરી ઈસ્લામી હુકુમત મારી સમજથી બહાર છે." ઈસરાઈલનું પાટનગર તેલઅવીવ જાહેર કરે છે કે ઈરાનના આ હંગામા દરમ્યાન આઠ હજાર યહુદીઓ ઈરાન છોડીને ઈઝરાઈલ આવી ચૂક્યા છે. આ સિવાય શાહપરસ્તો અને નફાખોરો ભાગી રહ્યા છે. બેંકોમાંથી મોટી મોટી રકમો ઉપાડીને બેંકોને દેવાળીયા બનાવવાની પ્રવૃત્તિ તેજ ગતિથી ચાલૂ છે. એટલામાં ફોજનો એક ભાગ ઈમામની હિમાયત કરવાનું એલાન કરે છે. ત્યારે અમેરિકા અને બખ્તીયારને કંપારી આવી જાય છે. ઈમામ એલાન

કરે છે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગો ઉપર દેખાવો બદસ્તુર જેમ ચાલે છે તેમ ચાલુ રાખવામાં આવે.

**વિઘ્નો - હસ્તક્ષેપ કરવાની શરૂઆત**

હવે હુકુમતના પિઠ્ઠુઓ, અમેરિકાના ચાહકો, બખ્તીયાર અને શાહના હિમાયતીઓ પબ્લીક ઉપર હુમલા કરવાનું શરૂ કરે છે. ચાલબાજીઓ રમી રહ્યા છે. ઈસ્લામી તેહરીકના કાર્યકરો એવા આબાદાનના પાંચસો કારકૂનોને કેદ કરી લે છે. તેના વિરોધમાં લોકો સાવાક અને ફોજના અફસરોને ઓળખી ઓળખીને મારવાનું શરૂ કરે છે. અત્યારે પબ્લીકનો મુખ્ય નારો આ છે.

“બાઝરગાન, બાઝરગાન હુકુમત મુબારક.”

## (૯) છઠ્ઠી-સાતમી ફેબ્રુઆરી

પાર્લામેન્ટ બખ્તીયાર ઉપર ફોજી દબાવમાં વધારો કરવાની માંગણી કરે છે. આ જાણીને સમગ્ર ઈરાનમાંથી વીસ હજાર યુવાનો કફન પહેરીને તેહરાનની સડકો ઉપર ફેલાઈ જાય છે. ઠેક-ઠેકાણે દેખાવો કરનારાઓ અને ધરણા ઉપર બેઠેલાઓની ઉપર ગોળીઓ વરસાવવામાં આવે છે. સામાન્ય પ્રજાજનોને ડરાવવા-ધમકાવવા માટે લશ્કરી હેલીકોપ્ટરો મિનિટે મિનિટે આકાશમાં ઊડતા દેખાય છે. બખ્તીયાર એક વખત ફરીથી ચીખી ઊઠે છે. “જો બાઝરગાન મારા મુકાબલા ઉપર આવશે તો તેને ઉડાવી દેવાશે. આ હંગામી હુકુમત જો ફક્ત દેખાવ પુરતી છે તો તો કંઈ વાંધો નથી. નહીં તો ઈરાનમાં ફક્ત એક જ હુકુમત છે અને તે પણ બખ્તીયારની હુકુમત.”

દેખાવો ચાલુ છે. ઝાહેદાન, બલુચિસ્તાન, ખુઝિસ્તાન દરેક જગ્યાએ કત્લ અને ખૂનનું બાઝાર ગરમ છે. અમેરિકી જનરલ હાઈઝર જાકઈ જે એક અઠવાડિયાથી ફોજના માર્ગદર્શન માટે કાવતરાં ગોઠવવા, ઈન્કિલાબના માર્ગનો પથ્થર બનીને તેહરાનમાં પડ્યો હતો તે ભાગી જાય છે. જો કે તેને શાહે ઈરાન બોલાવ્યો હતો. છતાંય અમેરિકા બખ્તીયારને પુરેપુરી નૈતિક તેમજ બધા જ પ્રકારની મદદનું એલાન કરે છે. મુનાફિકોને સાથે લઈ બેએક દેખાવો પણ કરવામાં આવ્યા. તેમનો નારો હતો "બખ્તીયાર ! બખ્તીયાર ! સંગરીત રા નિગેહદાર, (બખ્તીયાર તમારા ઈરાદા ઉપર કાયમ રહો, તેના જવાબમાં પબ્લીકનો નારો હતો. બખ્તીયાર ! બખ્તીયાર ! નોકરે બેઈખ્તિયાર.

હવાઈ ઉડયનો ઉપર ફરી પાછી પાબંદી લગાવવામાં આવી છે. બખ્તિયારની પાર્લામેન્ટના સભ્યોએ ધડાધડ રાજીનામાં આપવા માંડ્યાં છે. આલિમો મોટી સંખ્યામાં કૂમથી તેહરાન આવી ગયા છે. તેહરાનમાં આ આલિમો દરરોજ દેખાવો યોજે છે. ફોજી ઓફિસરો વચમાં કદી કદી પબ્લીકને વૉ<નગ આપી દે છે. કદીક મેહદી બાઝરગાનને ધમકાવે છે. આયતુલ્લાહ તાલકાની પબ્લીકને પુરઅમન્ અહિંસક આંદોલન જારી રાખવાનું કહે છે. કોઈના ઉપર પણ ઝુલમ કે અત્યાચાર ન થઈ જાય તે માટે દિવસમાં અનેક વાર સતત તલકીન કરતા રહે છે.

# (૧૦) આઠમી ફેબ્રુઆરી

તેહરાનનો ફોજી ગવર્નર જાહેરાત કરે છે કે કર્ફ્યુના સમયમાં છૂટ આપવામાં આવે છે, હવે રાતના ૧૨ થી સવારના ૬ વાગ્યા સુધી જ કર્ફ્યુ રહેશે. આજના દિવસની ઘણી જ અગત્યની ઘટના હવાઈ ફોજના તમામ ઓફિસરો ઈમામથી મુલાકાત કરે છે. આ ઘટનાની તસ્વીરો વિશ્વના તમામ અખબારોમાં છપાઈ જાય છે. જેથી અમેરિકાનો ઈરાની ફોજ ઉપરનો આધાર ખતમ થઈ જાય છે, તરત જ આલિમો ૧૦ મી ફેબ્રુઆરીના દિવસે હુકુમત ઉપર હુમલો કરવાનું એલાન કરે છે.

## (૧૧) નવમી ફેબ્રુઆરી

આજે તેહરાન યુનિવર્સિટીના વિશાળ મેદાનમાં મેહદી બાઝરગાને લાખો ઈન્સાનોની હાજરી વચ્ચે પોતાની હુકુમતનો પ્રોગ્રામ રજૂ કર્યા, તેનું જોશ અને ઉત્સાહ સાથે લોકોએ સ્વાગત કર્યું.

નવમી ફેબ્રુઆરીની રાતે હવાઈ ફોજની છાવણીમાં બગાવતની ખબર સાંભળીને શાહના ખાસ-વિશેષ સલામતી ઓફિસરોએ છાવણી ઉપર હુમલો કરી દીધો. પરંતુ પબ્લીક સભાન હતી, બેખબર ન હતી. થોડીક જ મિનિટોમાં લાખો લોકોએ છાવણીની આસપાસ ઘેરો નાખી દીધો. કહ્યું કે જ્યાં સુધી અમને અમારા ફોજી ભાઈઓની સલામતી અંગેની જાણ નહીં થઈ જાય, અહીંથી હટીશું નહિ. ઈમામનો પ્રતિનિધિ લોકોને સમજાવવા આવે છે કે નાહક લોહી ન વહેવું જોઈએ, તમે હટી જાઓ, એ

લોકો પોતાની ફોજી કાર્યવાહી ભલે કરતા. પબ્લીકનો મોટો ભાગ આલિમોના સમજાવવાથી ખસી જાય છે. છતાંય વીસ હજાર માણસો તો ત્યાં જ ડટેલા રહે છે. થોડીવાર પછી ગાર્ડ આવે છે. બાગી ફોજીઓને ગિરફતાર કરીને જનરલને સોંપવામાં આવે છે.

# (૧૨) દસમી ફેબ્રુઆરી

દસમીની સવાર પડતાં જ પબ્લીક દોડી જાય છે. ૮ વાગ્યે છાવણીમા ફોજીઓની ટ્રકોની આવનજાવન ચાલુ થઈ જાય છે. લોકો દિવાલને મોરચો બનાવીને તેમના ઉપર ફાયરીંગ કરે છે. બધા જ હથિયારો ફોજીઓ પાસેથી છીનવી લે છે. અંદર અંદર વહેંચી લે છે. પછી એલાન કરવામાં આવે છે કે જેને પણ હથિયાર જોઈએ તે અમારી પાસેથી લઈ જાય. લોકો ઘરોમાંથી લપાતા છૂપાતા આવે છે. છાવણીમાંથી હથિયારો લઈ જાય છે. પછી મોરચાબંદી કરીને ફાયરીંગ શરૂ થઈ જાય છે. પબ્લીક અને ફોજનો ભયંકર ટકરાવ ચાલે છે. બંને પક્ષે સેંકડો લોકો હલાક થાય છે. ઘાયલ થાય છે.

સમગ્ર તેહરાનમાં આ ખબર ફેલાઈ જાય છે તો યુદ્ધનો નકશો જ બદલાઈ જાય છે. ફોજની

આખી છાવણી પબ્લીકના કબજામાં આવી જાય છે. હવે લોકો ઘરોમાંથી નીકળીને પોતાની હિફાઝત માટે ખાડા ખોદી મોરચાબંદી કરી ફોજને શહેરમાં દાખલ થતી રોકવા માટે કોશીશ કરી રહ્યા છે. ઘરની બોરીયો ખાલી કરી રહ્યા છે. ઈંટો-પથ્થર ભરીને જઈ રહ્યા છે. કમજોર શક્તિશાળી, સ્ત્રી, પુરૂષ, યુવાન, વૃદ્ધ બધા જ ઘરોની બહાર નીકળી ગયા છે. જાણે કયામત આવવાની હોય. ઝોહર સુધીમાં અનેક લોકોના મૃત્યુના સમાચાર આવે છે. અફવાઓનું બજાર ગરમ છે. સમગ્ર શહેરમાં જંગી માહોલ છે. ગોલાબારૂદ, ધુમાડો, ગોળીઓની સનસનાહટ વગેરેની વચ્ચે વચ્ચે દેખાવકારોના નારા સંભળાઈ રહ્યા છે.

બિરાદર અરતિશી ચેરા બિરાદરત કુશતી ?

અય ફોજી ભાઈઓ ! તમે તમારા પોતાના ભાઈઓને કેમ મારી રહ્યા છો ?

ફોજમાં ફૂટફાટ પડી ગઈ છે. પબ્લીક ફોજીઓને ફૂલ આપે છે. ફોજીઓ તેને પોતાની કેપમા નાખે છે. કેટલાક ફોજીઓ તો વરદી ઊતારીને ઈન્કિલાબીઓમાં ભળી ગયા છે. અમેરિકાની છેલ્લી કોશીશ ખૂબ જ ખતરનાક હતી, સમગ્ર દેશમાં માર્શલ લોની જાહેરાત. જેથી સડકો ખાલી થઈ જાય. તેના ઉપર ટ્રકો અને ટેંકો લગાવીને - તોપો લગાવીને આખો ઈલાકો ઉડાવી દેવામાં આવે. તેથી જુઠી ખબર એવી ફેલાવવામાં આવી કે ઈમામ કહે છે કે બધા લોકો પોતપોતાના ઘરોમાં ભરાઈ જાય. તરત જ ઈમામ તરફથી લાઉડસ્પીકર દ્વારા આ વાતને રદિયો આપવામાં આવ્યો. બલકે હુકમ આપવામાં આવ્યો કે કોઈપણ

ઘરમાં ન રહે બલકે મોરચાબંદી માટે બહાર આવી જાય.

## (૧૩) આઝાદીની સવાર ૧૧ ફેબ્રુઆરી

રાતભર હુમલા થતા રહ્યા. ફોજ પ્રજાનો રસ્તો રોકતી રહી. લોકો ટેંકો તોડવાના સાધનો શોધવામાં લાગી ગયા. દસ વાગ્યે જ્યારે કેટલાક લોકો પોતાના ઘરો તરફ જવા લાગ્યા ત્યારે ફોજ હરકતમાં આવી. પરંતુ પબ્લીક હોંશિયાર હતી. લોકો જોશમાં તો હતા જ પરંતુ હોશમાં પણ હતા. ફોજનો પ્રથમ હુમલો મેદાને સરયામાં થયો. પછી પકડધકડ થતી રહી. અડધી રાત પછી ફરહાબાદથી ટેંકોની એક મોટી લાઈન આવતી દેખાઈ અને તેહરાન ઉપર હુમલો કરી દીધો. પરંતુ શેરદીલ બહાદુર પ્રજાએ તેનો મુકાબલો કર્યો. આઠ ટેંકો તો પ્રથમ હુમલામાં જ નકામી કરી દીધી. બાકીની ટેંકોનો રસ્તો રોકી લીધો. મેદાને સરયા, મેદાને મોલ્વી, મેદાને બહારીસ્તાન, એક પછી એક પ્રજાના

કબજામાં આવી ગયાં. લશ્કરને પીછેહઠ કરવી પડી. સવાર પડતાં પડતાં તો સૌથી મોટી છાવણી પણ લોકોના કબજામાં આવી ગઈ.

નવાઈભરી વાત આ બની કે ફોજીઓના હથિયારોના ગોડાઉનમાં આગ લાગી ગઈ. કલાકો સુધી બોંબ ફાટતા રહ્યા. પરિણામરૂપે દુશ્મનોનો હોંસલો - હિંમત તૂટી ગયાં. ભયભીત થઈ ગયા. પ્રજાજનો પણ પોતાની જગ્યાએ થોડાક ગભરાયા. ત્યાર બાદ તો એક પછી એક ફોજી છાવણીઓ પ્રજાના કબજામાં આવતી રહી. શાહપુર, બાગશાહ, લવીઝાન, ઝેહરાન, શહરબાની, ઝિનદાનઓવૈન વગેરે લશ્કરી છાવણીઓ દસ વાગ્યા સુધીમાં ઈન્કિલાબીઓના કબજામાં આવી ગઈ. પરંતુ ફોજે હજી હથિયાર હેઠા મૂક્યાં ન હતાં બલકે લશ્કરે શાહ

પ્રત્યે પોતાની વફાદારીની જાહેરાત ચાલુ રાખી હતી.

એટલામાં રેડિયો તેહરાનથી “ઈરાન કિશવરે મા ખોમેની રેહબર મા” નો તરાના વાગવા લાગે છે. એક પછી એક દીલકશ નગમા જે અગાઉથી જ તૈયાર હતાં. જોશ પેદા કરે એવા તરાના આવી રહ્યા છે. “ખોમૈની અય ઈમામ” તેહરાન ફતેહ થયાની ખબરો શીરાઝ અને અસફહાન સુધી પહોંચી ગઈ. ત્યારે ફોજે હથિયાર હેઠાં મૂકી તાબે થવાનું પસંદ કર્યું.

વિકટરહ્યુગોએ કહ્યું હતું, જ્યારે કોઈ સાચા ઈન્કિલાબની શરૂઆત થાય છે ત્યારે ગરીબ લોકો સરદાર બની જાય છે. ઝાડોની લાકડીઓ બંદૂક બની જાય છે અને જંગલ અને રેગીસ્તાનોના પથ્થરો અને કાંકરા ગોળીઓ બની જાય છે. આજથી

બરાબર ૨૯ વર્ષ અગાઉ ઈરાનની બહાદુર પ્રજાએ જે ઈન્કિલાબ પેદા કર્યા હતો, જેની ઉમ્મીદ પણ ન હતી, કે કોઈ આ વાત ઉપર વિશ્વાસ કરી શકે. પરંતુ આજરોજ દુશ્મનો આ ઈન્કિલાબને ફાટેલી ફાટેલી આંખો સાથે જોઈ રહ્યા છે. મરતો શું ન કરે ?!